# સંકલિત જીવાત વ્યવસ્થાપન અંગેનો તાલિમ વર્ગ યોજાયો

કીટકશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ દ્વારા સંકલિત જીવાત વ્યવસ્થાપન અંગેની તાલિમ તા: ૨૦/૦૮/૨૦૧૭ થી ૨૩/૦૮/૨૦૧૭ દરમ્યાન ગોઠવવામાં આવેલ. જેમાં નવસારી જીલ્લાના કુલ ૩૬ ખેડૂત ભાઇઓએ ભાગ લીધેલ. આ તાલિમ કાર્યક્રમમાં વિવિધ પાકોમાં નુકસાન કરતી જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન વિષય પર જુદા-જુદા નિષ્ણાંતો દ્વારા ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આપેલ. આ તાલિમ કાર્યક્રમમાં વિવિધ પાકોમાં નુકસાન કરતી જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન કેવી રીતે કરી શકાય તે અંગે લંબાણપૂર્વક ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવેલ. વાતાવરણિય ફેરફાર દ્વારા વિવિધ પાકમાં આવતી જીવાતોનું સમયસર સંકલિત વ્યવસ્થાપન અપનાવી જંતુનાશકોના આડેધડ છંટકાવને ઘટાડવા જોઇએ તેમજ વિવિધ જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન કરી પાક સંરક્ષણ ખર્ચ ઘટાડી શકાય છે. તેમજ રસાયણમુક્ત અને ગુણવત્તાસભર ખેત ઉત્પાદન મેળવવા માટે તાલિમ પણ આપવામાં આવેલ.

આ ઉપરાંત ઘાસચારા સંશોધન કેન્દ્ર, પશુ સંશોધન કેન્દ્ર, મધમાખી પાલન, ઔષધિય અને સુગન્ધિત પાક સંશોધન કેન્દ્ર અને શાકભાજી સંશોધન કેન્દ્રની મુલાકાત લેવામાં આવેલ. આ તાલિમ કાર્યક્રમમાં ખેડૂત ભાઇઓને પ્રાયોગિક તાલિમ આપવામાં આવેલ.

આ તાલિમ કાર્યક્રમનાં અંતિમ દિવસે વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ડૉ. એ. એ. પટેલ ઉપસ્થિત રહી તાલિમની જાણકારી બીજા ખેડૂતો સુધી પહોંચે તેવી અભ્યર્થના સાથે આશીર્વચન પાઠવેલ તથા તેઓશ્રીના હસ્તે પ્રમાણપત્ર અને કીટનું વિતરણ પણ કરવામાં આવેલ.




સંકલિત જીવાત વ્યવસ્થાપન
તાલીમ કાર્યક્રમ


સંકલિત જીવાત વ્યવસ્થાપન
તાલીમ કાર્યક્રમ
AAU
આયોજક


સંકલિત જીવાત વ્યવસ્થાપન
તાલીમ કાર્યક્રમ
AAU
આયોજક